### પશુઓની સારવાર માટે ચારેય ઝોન સજ્જ કરાશે

# શહેર બહાર બનશે નવુ સ્લોટર હાઉસ

## વર્ષો જૂની દુર્ગંધની સમસ્યામાંથી વડોદરાવાસીઓને મોટી રાહત મળશે



**ગાજરાવાડીનું** હાલમાં કાર્યરત સ્લોટર હાઉસ લાંબા સમયથી વિવાદનું કેન્દ્ર હતું

**ગાજરાવાડીના** સ્લોટર હાઉસનું ભારણ હાલ ખુબ વધી ગયું છે

(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરા શહેરમાં છેલ્લા લાંબા સમયથી રખડતા ઢોર અને શ્વાનનો ત્રાસ નાગરિકો માટે ભારે માથાનો દુખાવો બની રહ્યો છે. આ ગંભીર સમસ્યાના કાયમી અને સચોટ નિવારણ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વપૂર્ણ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ આ અંગે સક્રિયતા દાખવીને શહેરમાં પ્રાણીઓ માટે ચાર અલગ-અલગ ઝોનમાં ચાર અત્યાધુનિક હોસ્પિટલો બનાવવાની અને શહેરની બહાર મરેલા ઢોરોના નિકાલ માટે વધુ એક નવું સ્લોટર હાઉસ શરૂ કરવાની જાહેરાત કરી છે. શહેરમાં રખડતા કુતરાઓનો ત્રાસ કેવી રીતે ઘટાડી શકાય અને પશુઓની સારવાર યોગ્ય રીતે થઈ શકે તે માટે મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ તાજેતરમાં જ પ્રાણીપ્રેમીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો તેમજ સ્થાનિક નાગરિકો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં તમામ પક્ષોને વિશ્વાસમાં લઈને વડોદરાના ચારેય ઝોનમાં ખાસ એનિમલ હોસ્પિટલ બનાવવાનું આયોજન નક્કી કરાયું છે. આ હોસ્પિટલોમાં બીમાર કે ઈજાગ્રસ્ત પ્રાણીઓ માટે ૨૪ કલાક ઈમરજન્સી સેવાઓ મળી રહે તેવી આધુનિક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે.

બીજી તરફ, વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં હાલમાં કાર્યરત સ્લોટર હાઉસ લાંબા સમયથી વિવાદ અને સ્થાનિકોના વિરોધનું કેન્દ્ર બન્યું છે. કોંગ્રેસના નેતા ચંદ્રકાંત ભથ્થું દ્વારા વર્ષોથી આ સ્લોટર હાઉસ સામે વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. જોકે, કોર્પોરેશન દ્વારા દુર્ગંધ ન ફેલાય તે માટે ત્યાં ખાસ પ્રકારની આધુનિક મશીનરી લગાવવામાં આવી છે, પરંતુ વડોદરા શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને નગરપાલિકા વિસ્તારમાંથી પણ મરેલા પશુઓ અહીં નિકાલ માટે આવતા હોવાથી આ પ્લાન્ટ પર ભારણ ખૂબ વધી ગયું છે અને તે કોર્પોરેશન માટે મુશ્કેલીનું કારણ બન્યું છે. આ વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને શહેરની મર્યાદા બહાર પોતાની માલિકીની જમીન પર વધુ એક નવું સ્લોટર હાઉસ બનાવવાનો નિર્ણય લીધો છે. તંત્રના જણાવ્યા અનુસાર, આગામી ચાર કે પાંચ મહિનાની અંદર જ આ નવું સ્લોટર હાઉસ સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવશે, જેથી ગાજરાવાડી પ્લાન્ટનું ભારણ ઘટશે અને શહેરના નાગરિકોને ગંદકી તેમજ દુર્ગંધની સમસ્યામાંથી મોટી રાહત મળશે.

### વડોદરાને ટ્રાફિક જામમાંથી મુક્તિ આપવા કોર્પોરેશન સક્રિય

# શહેરમાં 'હોકિંગ' અને 'નોન-હોકિંગ' ઝોન નક્કી કરી દેવાશે

**'ટાઉન વેન્ડિંગ કમિટી'**ની રચના માટે વહીવટી પ્રક્રિયા તેજ કરી દેવાઇ



(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરા શહેરમાં વર્ષોથી ટ્રાફિકની જટિલ સમસ્યા અને ગરીબોના રોજગારના મુદ્દે સતત ચર્ચાના કેન્દ્રમાં રહેલી સ્ટ્રીટ વેન્ડિંગની સમસ્યાનો આખરે કાયમી ઉકેલ લાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. શહેરમાં સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસીને નિયમિત કરવા અને તેના સુચારુ અમલીકરણ માટે ટાઉન વેન્ડિંગ કમિટીની રચના કરવાની સત્તાવાર કાર્યવાહી તંત્ર દ્વારા શરૂ કરી દેવાઈ છે. આ સમગ્ર વ્યવસ્થાને કાયદાના દાયરામાં લાવીને રેગ્યુલરાઈઝ અને રેગ્યુલેટ કરવાના ભાગરૂપે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ દ્વારા એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસી અંતર્ગત સૌથી મોટો બદલાવ ટાઉન વેન્ડિંગ કમિટીની રચના બાદ જોવા મળશે.

કમિટી અસ્તિત્વમાં આવ્યા પછી વડોદરાના કયા માર્ગો પર લારી-ગલ્લા ઊભા રાખી શકાશે અને કયા વ્યસ્ત રસ્તાઓ પર તેના પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે, તે નક્કી કરવામાં આવશે. આ માટે સમગ્ર શહેરમાં કાયદેસરના 'હોકિંગ ઝોન' અને 'નોન-હોકિંગ ઝોન' જાહેર કરવામાં આવશે. બીજી તરફ, વડોદરાના મુખ્ય અને જાહેર માર્ગો પરથી ગેરકાયદે દબાણો હટાવીને ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે તંત્ર વૈકલ્પિક આયોજન પણ કરી રહ્યું છે.

લારી-ગલ્લાના કારણે સર્જાતી ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ચોક્કસ સરકારી પ્લોટ્સની પસંદગી કરવામાં આવશે, જ્યાં આ વેન્ડર્સ માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી શકાય. આ પ્લોટ્સની ફાળવણી અંગે આગામી દિવસોમાં આખરી નિર્ણય લેવામાં આવશે.

### "મત આપીને અમે ઠગાયા છીએ" તેવો અહેસાસ થયો છે : નાગરિકો

# નિઝામપુરામાં મંત્રી અને ધારાસભ્યનો વરિષ્ઠ નાગરિકે જાહેરમાં ઉધડો લીધો

**૨૫ થી વધુ** વખત સેમ્પલ લેવાયા છતાં તંત્ર કારણ શોધવામાં નાકામ



(પ્રતિનિધિ) વડોદરા તા.12
નિઝામપુરા વિસ્તારમાં ગંદા અને દૂષિત પાણીની વર્ષો જૂની સમસ્યાથી કંટાળેલા સિનિયર સિટીઝને સરકારી કાર્યક્રમ દરમિયાન જાહેરમાં આક્રોશ વ્યક્ત કરતાં ભારે ચર્ચા જગાવી છે. ભગિની સમાજ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્ય મંત્રી મનીષાબેન વકીલ, ધારાસભ્ય કેયુર રોકડિયા અને સ્થાનિક કોર્પોરેટરોની હાજરીમાં સિનિયર સિટીઝન ભરતભાઈ બારોટે નેતાઓ અને અધિકારીઓનો ઉધડો લીધો હતો. નિઝામપુરાની આશરે 23 સોસાયટીઓમાં લાંબા સમયથી ગંદુ, કાળું અને દુર્ગંધયુક્ત પાણી આવતું હોવાની ફરિયાદ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ આ દૂષિત પાણીના કારણે આરોગ્ય સંબંધિત જોખમો ઊભા થયા છે. અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગે 25થી વધુ વખત પાણીના નમૂનાઓ લીધા હોવા છતાં પ્રદૂષણનું મૂળ કારણ શોધવામાં સફળતા મળી નથી. કાર્યક્રમ દરમિયાન ભરતભાઈ બારોટે ફિલ્મી ડાયલોગ "તારીખ પે તારીખ"નો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે વર્ષોથી નાગરિકોને માત્ર આશ્વાસનો જ આપવામાં આવ્યા છે. "થઈ જશે" અને "કામ ચાલુ છે" જેવા જવાબો સિવાય લોકોને શુદ્ધ પાણી મળ્યું નથી. તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓને સવાલ કર્યો હતો કે જંગી બહુમતીથી જીત્યા બાદ પણ લોકોની મૂળભૂત સમસ્યાઓ કેમ ઉકેલાતી નથી. ભરતભાઈના આક્રોશ બાદ કાર્યક્રમમાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આયોજકો અને કાર્યકરોએ મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાનો વીડિયો - ચર્ચા સોશિયલ મીડિયા પર પણ વાયરલ બનતા તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. નાગરિકોપાલિકા અને જવાબદાર અધિકારીઓ પાસેથી તાત્કાલિક અને કાયમી ઉકેલની અપેક્ષા રાખી રહ્યા છે.

### ડુંગળીના કોથળાની આડમા દારૂની હેરાફેરી ઝડપાઈ

# રૂ.૧૫.૩૨ લાખના દારૂ સાથે ટ્રક ડ્રાઈવર ઝડપાયો

**ફાજલપુર** પાસેથી દારૂ ભરેલો ટ્રક પકડ્યો, સપ્લાયર વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા તા.12
અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે પર ફાજલપુર પાસેથી ડુંગળીના કોથળાની આડમાં સંતાડીને લવાતો રૂ.15.32 લાખના વિદેશી દારૂ ભરેલા ટ્રકને એલસીબી ઝોન-1ની ટીમે ઝડપી પાડ્યો છે. દારૂનો જથ્થો, રૂપિયા પાંચ લાખ મોબાઈલ, રોકડ અને અન્ય સામાન સહિત રૂ.20.38 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-1ની ટીમ ગુરૂવાર ના રોજ પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે નં.48 પર ફાજલપુર ગરનાળા નજીક ઉભેલા એક ટ્રકમાં ડુંગળીના કોથળા નીચે મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. જે આધારે ટ્રકના ઉપરના ભાગમાં ડુંગળીના કોથળા ભરેલા જોવા મળ્યા હતા. જોકે, કોથળા હટાવી તપાસ કરતા નીચે પુઠ્ઠાના બોક્સમાં ગોઠવેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે ટ્રક ચાલક જયંતિ દેવુ માથાસુરિયા (રહે. ડોળીયા, તા. સાયલા, જી. સુરેન્દ્રનગર)ને સ્થળ પરથી ઝડપી લીધો હતો. પકડાયેલા દારૂના કેસમાં કિમ એક્સપ્રેસ હાઈવે નજીકથી સવજી માથાસુરિયાનુ નામ આવતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

### લિવ-ઇનમા રહેતા પાર્ટનરની ધમકીથી મહિલા ત્રસ્ત બની

# ઘરમાંથી કાઢી મૂકશો તો તમારું નામ લખીને હું આત્મહત્યા કરી લઈશ

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ–મદદ • સૂચન–માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરાના બાપોદ વિસ્તારમાં 41 વર્ષીય મહિલા અને તેની પુત્રી છેલ્લા પાંચ વર્ષથી સાથે રહેતા 25 વર્ષીય યુવકની હેરાનગતિથી ત્રસ્ત બની ગયા હતા. યુવક દ્વારા મારઝૂટ, ચોરી અને આત્મ હત્યાની ધમકીઓ આપવામાં આવતી હોવાના આક્ષેપ વચ્ચે આખરે માતા-પુત્રીએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માગતા સમગ્ર મામલો કાઉન્સેલિંગ દ્વારા ઉકેલાયો હતો. વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં એક ચોંકાવનારો પરિવારિક વિવાદ સામે આવ્યો છે. અહીં એક 41 વર્ષીય મહિલા છેલ્લા પાંચ વર્ષથી 25 વર્ષીય યુવક સાથે લિવ-ઈન સંબંધમાં રહેતી હતી. શરૂઆતમાં સંબંધ સામાન્ય રહ્યો હતો, પરંતુ છેલ્લા કેટલાક સમયથી યુવકે હેરાન કરવાનુ શરૂ કર્યુ હતુ જેના કારણે મહિલા અને તેની પુત્રી માટે ઘરમાં રહેવું મુશ્કેલ બની ગયું હતું. પીડિત યુવતીએ 181 અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરીને જણાવ્યું હતું કે યુવક વારંવાર ઝઘડા કરતો, માતા સાથે મારપીટ કરતો અને ઘરની વસ્તુઓ તેમજ રૂપિયા લઈ જતો હતો. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે માતા-પુત્રી સતત ભયના માહોલમાં જીવવા મજબૂર બન્યા હતા.

મહિલાએ યુવકને ઘર છોડવા કહ્યું ત્યારે તેણે ધમકી આપી હતી કે જો પોલીસ ફરિયાદ કરવામાં આવશે અથવા તેને ઘરેથી કાઢી મૂકવામાં આવશે તો તે આત્મહત્યા કરીને તેના માટે મહિલા અને તેની પુત્રીને જવાબદાર ઠેરવતું નામ લખી જશે. આ ધમકીના કારણે બંને કોઈ કડક પગલું ભરતા ડરતા હતા.

181 અભયમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષો સાથે વિગતવાર વાતચીત કરી હતી. કાઉન્સેલિંગ દરમિયાન યુવકને સમજાવવામાં આવ્યું હતું કે મહિલાની મરજી વિરુદ્ધ તેના ઘરમાં રહેવાનો તેને કોઈ અધિકાર નથી અને મહિલા ઈચ્છે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી પણ કરી શકે છે.

સમજાવટ અને કાઉન્સેલિંગ બાદ આખરે યુવક પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર થયો હતો. બંને પક્ષોના લેખિત નિવેદનો લેવાયા હતા. યુવકે ભવિષ્યમાં મહિલા અને તેની પુત્રીને હેરાનગતિ નહીં કરવાની લેખિત બાંહેધરી આપતા મામલો ઉકેલાયો હતો.

### 'એડિટ' અથવા 'કરેકશન વિન્ડો' ઉપલબ્ધ નથી

# GCAS પોર્ટલની ખામીઓથી વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી

(પ્રતિનિધિ) વડોદરા તા.12
રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ પ્રક્રિયાને સરળ બનાવવા માટે શરૂ કરાયેલું ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ હાલ વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીનું કારણ બન્યું છે.

B.Com, BBA, BCA, BA, LAW અને BSW સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા ઈચ્છતા હજારો વિદ્યાર્થીઓ પોર્ટલની ટેકનિકલ ખામીઓથી હેરાન થઈ રહ્યા છે. આ મુદ્દે ઓલ ગુજરાત સ્ટુડન્ટ્સ યુનિયન (AGSU) દ્વારા શિક્ષણ મંત્રી ડૉ. પ્રધુમન વાજાને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ પોર્ટલમાં યુનિવર્સિટી અને કોર્સ પસંદગી દરમિયાન વિકલ્પો યોગ્ય રીતે દેખાતા નથી અથવા સેવ થતા નથી. અનામત કેટેગરી અને દસ્તાવેજ અપલોડ કરતી વખતે પણ અનેક ભૂલો સર્જાઈ રહી છે.

ઉપરાંત સર્વર ડાઉન અને લોગિન સમસ્યાઓને કારણે ફોર્મ ભરવાની પ્રક્રિયા ધીમી બની છે. સૌથી ગંભીર બાબત એ છે કે ફોર્મમાં થયેલી ભૂલો સુધારવા માટે 'એડિટ' અથવા 'કરેકશન વિન્ડો' ઉપલબ્ધ નથી. જેના કારણે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ જોખમમાં મુકાઈ રહ્યું છે.

**મંત્રી તાત્કાલિક હસ્તક્ષેપ કરે**

શિક્ષણ એ દરેક વિદ્યાર્થીનો મૂળભૂત અધિકાર છે. પોર્ટલની ટેકનિકલ ખામીઓ વિદ્યાર્થીઓના ભવિષ્યને નુકસાન ન પહોંચાડે તે માટે માનનીય મંત્રી આ બાબતમાં તાત્કાલિક હસ્તક્ષેપ કરે તેવી અમારી નમ્ર છતાં દૃઢ માંગ છે. **પંકજ એમ. જયસ્વાલ**, વિદ્યાર્થી પ્રતિનિધિ, AGSU)

# શહેરમાંથી રૂ.86.31 લાખનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો

વડોદરા : વડોદરા શહેરના જેતલપુર રોડ, અલકાપુરી વિસ્તારમાં આવેલા વાત્સલ્ય ફ્લેટમાં ગેરકાયદેસર રીતે હાઈબ્રિડ ગાંજાનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની ખાનગી બાતમી ANTFને મળી હતી. પોલીસ અધિક્ષક લોકેશ યાદવના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ ડીવાયએસપી કે.ડી. ખાંભલાની દેખરેખમાં ANTFની ટીમે બાતમીવાળી જગ્યાએ રેડ કરી હતી. દરોડા દરમિયાન બંધ મકાનમાંથી 86.31 લાખનો 2.466 કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. સ્થળ પરથી એક ઈલેક્ટ્રોનિક વજનકાંટો, રૂપિયા 3.36 લાખની રોકડ અને પૈસા ગણવાનું મશીન ગાંજાની કિંમત રૂ.86.31 લાખ સહિત રૂ.89.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે. આ મામલે શાહીદખાન પઠાણ (રહે. 101, વાત્સલ્ય ફ્લેટ, ન્યૂ ઈન્ડિયા મિલનો ખાંચો, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા) ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાય છે.

### ત્રીજા મિત્રએ બિહારમાં જીવ ટૂંકાવ્યો હોવાની ચર્ચા : ભેદી મોતથી દોડધામ

# એક મિત્રએ માલગાડી નીચે પડતુ મૂકતાં બીજાએ પણ ગળેફાંસો ખાધો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
વડોદરાના મકરપુરા વિસ્તારમાં ચોંકાવનારી અને અત્યંત રહસ્યમય ઘટના સામે આવી છે, જેમાં ૨૪ કલાકના ટૂંકા ગાળામાં બે પરપ્રાંતીય મિત્રોએ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની ગંભીરતા ત્યારે વધુ વધી ગઈ જ્યારે લોકચર્ચા મુજબ આ બંનેના ત્રીજા મિત્રએ પણ બે દિવસ પહેલા બિહારમાં આત્મહત્યા કરી હોવાની વિગતો વહેતી થઈ છે. એક જ મિત્ર વર્તુળના ત્રણ યુવાનોના આ પ્રકારે કરુણ મોત પાછળ કોઈ મોટું રહસ્ય હોવાની આશંકા સેવાઈ રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગતરોજ મકરપુરા રેલવે સ્ટેશન ખાતે એક અજાણ્યા યુવાને પૂરપાટ ઝડપે આવી રહેલી માલગાડી સામે પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તપાસ શરૂ કરતા મૃતકની ઓળખ રવિ કુશવાહ તરીકે થઈ હતી. રવિ મૂળ બિહારના રુહ ગામનો વતની હતો અને વડોદરામાં નોકરી અર્થે રોજગારી મેળવવા આવ્યો હતો. રેલવે પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. રવિએ કયા કારણોસર માલગાડી નીચે ઝંપલાવ્યું તેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ હજુ આ મામલે તપાસ કરી જ રહી હતી ત્યાં વધુ એક આંચકાજનક સમાચાર આવ્યા હતા.

રવિના આત્મહત્યાના ગણતરીના કલાકોમાં જ મકરપુરા વિસ્તારમાંથી વધુ એક આપઘાતનો મામલો સામે આવ્યો હતો. રવિ જે રૂમમાં ભાડે રહેતો હતો, તેની સાથે રહેતા તેના મિત્ર અને રૂમ પાર્ટનર વિકાસ કુશવાહાએ પણ મકરપુરા વિસ્તારમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. એક જ રૂમમાં રહેતા અને સાથે નોકરી કરતા બે મિત્રોએ ઉપરાઉપરી આપઘાત કરી લેતા સ્થાનિક રહીશો અને પોલીસ તંત્ર પણ સ્તબ્ધ થઈ ગયું છે. વિકાસના આપઘાત પાછળ મિત્રના મોતનો આઘાત છે કે અન્ય કોઈ કારણ, તે દિશામાં મકરપુરા પોલીસ તપાસ કરી રહી છે. આ સમગ્ર મામલામાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે એવી લોકચર્ચા શરૂ થઈ કે આ બંને યુવાનોના અન્ય એક ખાસ મિત્રએ પણ બે દિવસ પહેલા જ બિહારમાં આત્મહત્યા કરી લીધી હતી.

### ૩૬ ગેરકાયદે પાણીના કનેક્શન કપાતા ફફડાટ

# વડોદરા મહાનગરપાલિકા દ્વારા હીરાબાનગરમાં ડ્રેનેજ નંખાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
શહેરના નાગરિકોની સુખાકારી અને આરોગ્યની જાળવણી માટે પાલિકા દ્વારા બે મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં એક તરફ દક્ષિણ ઝોનના વોર્ડ નં. ૧૬માં વર્ષો જૂની ડ્રેનેજની સમસ્યાનો સુખદ અંત આવ્યો છે, તો બીજી તરફ વોર્ડ નં. ૧૮ અને ૧૯માં ગેરકાયદેસર રીતે પાણી ખેંચતા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. દક્ષિણ ઝોનના વહિવટી વોર્ડ નં.૧૬માં સમાવિષ્ટ ગાજરાવાડી, શાંતિનગરની બાજુમાં આવેલ હીરાબાનગરમાં સ્થાનિક રહીશો લાંબા સમયથી મલીન જળના નિકાલ માટે ખાળકૂવા પર આધારિત હતા. ખાસ કરીને ચોમાસા દરમિયાન સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી અને રોગચાળો ફેલાવવાનો પણ ભય રહેતો હતો. વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન કાર્યરત થવાથી વિસ્તારના આશરે ૩૦૦૦ જેટલા નાગરિકોને ડ્રેનેજની સમસ્યામાંથી મોટી રાહત મળશે અને આરોગ્યલક્ષી સુધારો થશે. દક્ષિણ ઝોનના વોર્ડ નં. ૧૮ અને ૧૯ ના જુદા-જુદા વિસ્તારોમાંથી સ્થાનિક નાગરિકો દ્વારા એવી ફરિયાદો ઉઠી હતી કે કેટલાક વિસ્તારોમાં પાણી બિલકુલ મળતું નથી અથવા તો ખૂબ જ ઓછા પ્રેશરથી પાણી આવે છે. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે કેટલાક શખ્સો દ્વારા પાલિકાની મુખ્ય નળિકા માંથી ગેરકાયદેસર રીતે મોટર મૂકીને પાણી ખેંચવામાં આવી રહ્યું હતું. જેમાં વોર્ડ નં. ૧૮માં આવેલા વડસર વિસ્તારમાં હેલીક્ષ લક્ઝુરીયાના કુલ-૩૮ મકાનો તપાસ હેઠળ લેવાયા હતા અને ગેરકાયદેસર જોડાણો દૂર કરાયા હતા. ત્યારબાદ વોર્ડ નં. ૧૯ માં મકરપુરા એરફોર્સ રોડ પર આવેલ અમરવિલા બંગ્લોઝ તેમજ અમરકુટીર સોસાયટીમાં વ્યાપક તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.

### વ્યાજ-પેનલ્ટીની મસમોટી રકમ માફ : મનપા પર કરોડો રૂપિયાનું ભારણ હતું

# પાનમ યોજનાના પાણી બિલમાંથી રૂા. ૪,૩૫૦ કરોડ માફ કરી દેવાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરા મહાનગરપાલિકા માટે રાજ્ય સરકાર તરફથી એક ખુબ જ રાહતના સમાચાર સામે આવ્યા છે. પાનમ યોજના હેઠળ વડોદરા શહેરને મળતા પાણીના વર્ષો જૂના બાકી બિલના ભારણમાંથી કોર્પોરેશનને મુક્તિ અપાવવા માટે રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. સરકારના આ સકારાત્મક વલણને કારણે વડોદરા મહાનગરપાલિકાના માથેથી કરોડો રૂપિયાનું આર્થિક ભારણ હળવું થયું છે. વડોદરા મહાનગરપાલિકા પાનમ યોજના અંતર્ગત મહીસાગર નદીનું પાણી મેળવીને સમગ્ર શહેરમાં વિતરણ કરે છે. જે તે સમયે જ્યારે આ યોજનાની શરૂઆત કરવામાં આવી ત્યારે મહાનગરપાલિકા તેમાં ભાગીદાર તો બની હતી, પરંતુ વહીવટી કારણોસર સત્તાવાર કરાર પ્રક્રિયા પૂર્ણ થઈ શકી ન હતી. કરારના અભાવે અને સમયસર ચૂકવણી ન થવાને કારણે છેલ્લા ૩૫ વર્ષના લાંબા સમયગાળા દરમિયાન આ પાણીના બિલની રકમ સતત વધતી રહી હતી. વ્યાજ અને પેનલ્ટી ઉમેરાતા ઉમેરાતા આ આંકડો વધીને રૂપિયા ૫,૨૫૦ કરોડની મસમોટી સપાટીએ પહોંચી ગયો હતો. આટલી મોટી રકમ ચૂકવવી વડોદરા કોર્પોરેશનની આર્થિક સ્થિતિ માટે એક મોટો પડકાર સમાન બની ગઈ હતી.

આ ગંભીર આર્થિક કટોકટીનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી, જેના પગલે સરકારે ઉદાર વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા તાજેતરના નિર્ણય મુજબ, આ બાકી બિલમાં વ્યાજ અને પેનલ્ટીની રકમ સહિત કુલ રૂપિયા ૪,૩૫૦ કરોડ જેટલી માતબર રકમ સંપૂર્ણપણે માફ કરી દેવામાં આવી છે. સરકારના આ આદેશથી વડોદરા મહાનગરપાલિકાને ખૂબ જ મોટો આર્થિક ઓક્સિજન મળ્યો છે. ૪,૩૫૦ કરોડ રૂપિયાની આ માતબર છૂટછાટ બાદ હવે જે બાકીની રકમ બચે છે, તેની ચૂકવણી કઈ રીતે કરવી અને તેના માટેનું માળખું શું રહેશે તે અંગેનો અંતિમ નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે. રાજ્ય સરકારના આ જનહિતના નિર્ણયથી માત્ર વડોદરા કોર્પોરેશનને જ નહીં, પરંતુ પરોક્ષ રીતે વડોદરાના શહેરીજનોને પણ મોટી રાહત મળી છે,


### ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવા પર રોક

# શહેરના 123 પરીક્ષા કેન્દ્રો પર LRD ભરતી પરીક્ષા, પોલીસ તંત્ર એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા.12
ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી 14 જૂને યોજાનારી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS-2023)ની કલમ-163 હેઠળ જાહેરનામું બહાર પાડી વિવિધ પ્રતિબંધો અમલમાં મૂક્યા છે. પરીક્ષા દરમિયાન ગેરરીતિઓ અટકાવવા, ઉમેદવારોને નિર્ભય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે સુનિશ્ચિત કરવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલા 123 કેન્દ્રો પર લોકરક્ષક કેડરની પરીક્ષા યોજાનાર છે. જાહેરનામા અનુસાર પરીક્ષા કેન્દ્રોના પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, બ્લુટૂથ ડિવાઈસ, લેપટોપ, કેમેરા, વોકી-ટોકી સહિતના તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોની આસપાસના 100 મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ટોળા એકત્ર થવા પર પ્રતિબંધ રહેશે. ઝેરોક્સ, ફોટોકોપી અને પ્રિન્ટિંગની દુકાનો પણ પરીક્ષા દરમિયાન બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડસ્પીકર વગાડવા પર પણ રોક લગાવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટે સવારે 7 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી ખોદકામની કામગીરી પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાથે જ પરીક્ષા સ્થળે માત્ર અધિકૃત વ્યક્તિઓને જ પ્રવેશ આપવામાં આવશે. પોલીસ તંત્રએ જણાવ્યું છે કે જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી ભરતી પ્રક્રિયાને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

### ખેતીના ઝેરી કેમિકલ ઠલવાયા હોવાની આશંકા

# સમા તળાવમાં અસંખ્ય માછલીઓના રહસ્યમય મોત, સ્થાનિકોમાં ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરામાં તળાવોની દુર્દશા અને જળચર જીવોના મોતે ફરી એકવાર તંત્રની બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. શહેરમાં એક પછી એક તળાવો પ્રદૂષણનો ભોગ બની રહ્યા છે, જેમાં હવે વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પહેલા ગોત્રી તળાવ, ત્યારબાદ ઐતિહાસિક સુરસાગર અને પછી ગોરવા તળાવમાં માછલીઓના સામૂહિક મોતે ચકચાર મચાવી હતી, ત્યારે હવે સમા વિસ્તારમાં આવેલા તળાવમાં પણ અસંખ્ય માછલીઓના રહસ્યમય મોત નિપજતા પર્યાવરણપ્રેમીઓ અને સ્થાનિકોમાં ચિંતા અને આક્રોશનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સમા તળાવની આસપાસ છેલ્લા ત્રણ દિવસથી તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી હતી. આ દુર્ગંધ પાછળનું કારણ ત્યારે સામે આવ્યું જ્યારે લોકોએ તળાવની સપાટી પર મોટી સંખ્યામાં મરેલી માછલીઓ તરતી જોઈ. જોતજોતામાં આખું તળાવ મરેલી માછલીઓથી ઉભરાઈ ગયું હતું, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય વાસ ફેલાઈ ગઈ છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

સમા તળાવની આ ગંભીર સ્થિતિને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ, આ વિસ્તારની આસપાસ ખેતીમાં વપરાતા ઝેરી કેમિકલ અથવા અન્ય કોઈ જોખમી રસાયણો તળાવના પાણીમાં ઠાલવવામાં આવ્યા હોવાની પૂરેપૂરી આશંકા છે. આ ઝેરી કેમિકલયુક્ત પાણીના કારણે જ માછલીઓનો સામૂહિક સફાયો થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે.

વડોદરાના એક પછી એક તળાવો જે રીતે પ્રદૂષિત થઈ રહ્યા છે, તે જોતાં પાલિકા તંત્રના પર્યાવરણ વિભાગની કામગીરી સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. સ્થાનિક રહીશો અને પર્યાવરણ સુરક્ષા માટે કામ કરતી સંસ્થાઓ દ્વારા આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની માંગ ઉઠી છે. તળાવના પાણીના સેમ્પલ લઈને માછલીઓના મોત પાછળનું ચોક્કસ કારણ શોધવામાં આવે અને તળાવને પ્રદૂષિત કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.